જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૧/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૧૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૦૧ કર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૮૬/૨૦૨૫**

વટવા જીઆઇડીસીઃ નિતિનકુમાર રણજીતસિંહ સોઢા પરમાર (ઉ.વ.૨૮)(રહે. ગામ–નાનાવગા, સીમ વિસ્તાર, પો–સણાલી, તા–નડીયાદ, જી–ખેડા) તા.૦૮/૧૨/૨૦૨૪ ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે હાથીજણ સર્કલ પાસે, ભરત પેટ્રોલપમ્પની પાછળ આવેલ શિવમ પાર્કીંગમાં પોતાની ટેન્કર ટ્રકનો જેક ઉતારવા જતા અચાનક જેક છટકી જતા ગાડીના પાટાની કમાન પીઠના ભાગે વાગતા, ગંભીર ઈજા થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં લાવતા રાતના ૮/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હેમંતકુમાર ત્રિકમલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૭/૨૦૨૫**

ઘાટલોડીયાઃ બલજીત ગંગારામ ઉર્ફે પ્રહલાદ વિશ્વકર્મા (ઉ.વ.૨૨)(રહે, પહેલો માળ રૂમ નંબર–૨, વિસતનગર વિભાગ–૩ વાળીનાથ ચોક મેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૫ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ પ્રભાતભાઇ ચલાવે છે.

શહેરકોટડાઃ કાજલ અમેરીકાપ્રસાદ કોરી (ઉ.વ.૨૫)(રહે, અનીલ વકીલની ચાલી, લાઈન નંબર–૬, રચના સ્કુલ પાસે, પ્રેમનગર, મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરુમના કુવારાની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

વેજલપુરઃ જુહાપુરા સંકલીતનગર શફીલાલા પાર્લરની ગલીમાં રહેતા સબ્બીરભાઇ છુવાળા નાઓની ૧૪ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના મકાનમાં ઉપરના માળે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી